# જપ્ત કરેલા ડમ્પરો ચોરી જનાર રાજસ્થાની ગેંગ ઝડપાઈ

## ડમ્પરોની નંબર પ્લેટ બદલીને રાજસ્થાન પહોંચાડી દઈ સફેદ માટીની ખાણમાં ભાડે ફેરવવા આપી દેવાયા હતા : બે ની ધરપકડ : બે હજુ ફરાર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ખાણ અને ખનિજ વિભાગે જપ્ત કરેલા ડમ્પરો પૈકી ત્રણ ડમ્પર જુની કલેકટર કચેરીની પાછળના ભાગેથી પાંચેક માસ પહેલા ચોરી થઈ ગયા હતા. ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે આ ડમ્પરોની ચોરી કરી જનાર ગેંગના બે સાગરીતોને પકડી પાડ્યા છે. ચોરી કરાયેલા ડમ્પરોની નંબર પ્લેટ બદલી નાંખીને રાજસ્થાન પહોંચાડી દેવાયા છે. ત્યાં સફેદ માટીની ખાણમાં ડમ્પરો ભાડે ફેરવવા આપી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. એલસીબીએ બંને શખ્સોની ધરપકડ કરીને મુખ્ય સૂત્રધાર સહિત બે ફરાર શખ્સોની શોધખોળ આરંભી છે.



જુની કલેક્ટર કચેરી પાછળના ભાગે ખુલ્લા મેદાનમાં ખાણ-ખનિજ વિભાગે જપ્ત કરેલા ડમ્પરો-ટ્રેક્ટરો મુકવામાં આવે છે. આ સ્થળે રેકી કર્યા બાદ પાંચ મહિના પહેલા ત્રણ ડમ્પરોની ચોરી થઈ જવા પામી હતી. ૪૦ લાખની ચોરી અંગે સે. ૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવા પામી હતી. ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે ખાનગી બાતમી મેળવીને આજે અડાલજ બસસ્ટેન્ડ પાસેથી આ ડમ્પરોની ચોરી કરવામાં સંડોવાયેલા બે શખ્સોની ધરપકડ કરી લીધી છે. તારાપુર રહેતા હેમરાજ શંભુ મારવાડી અને અડાલજ ત્રીમંદિર સામેના છાપરામાં રહેતા ભરત કૈલાશ મારવાડી મુળ બંને રાજસ્થાની સાગરીતોને પકડીને સઘન પુછપરછ કરતાં ચાર જણાએ મળીને પ્લાન બનાવી ત્રણ ડમ્પરની ચોરી કરી હોવાની કબુલાત કરી લીધી છે. આ ગેંગનો મુખ્ય સૂત્રધાર મુળ રાજસ્થાન મેડતા વિસ્તારનો અને હાલ અડાલજ રહેતો ઓમપ્રકાશ શંભુ મારવાડી હોવાનું ધ્યાને આવ્યું છે. મુખ્ય સૂત્રધાર ઓમપ્રકાશ અને અન્ય એક સાગરીત સમધર બંસી બાવડી બંને શખ્સો હજુ ફરાર છે. ત્રણ આઈવા ડમ્પરની ડુપ્લીકેટ ચાવીની ચોરી કરવામાં આવી હતી. તે ડમ્બરો ચોરવા પોતાનું ડમ્પર લઈને જ ગયા હતા. ગાંધીનગરથી ડમ્પરો ચોરી કર્યા બાદ તારાપુર લઈ જવાયા હતા અને ત્યાં ખોટા નંબરો લખીને પાલનપુર લઈ જવાયા હતા. ત્યારબાદ સવાર થઈ જતાં બોર્ડર પર ચેકીંગ હોવાથી આ શખ્સોએ એક ખેતરમાં ચોરીના ડમ્પરો સંતાડી મુક્યા હતા અને બીજા દિવસે રાત્રે રાજસ્થાન બડાઈલી ગામે લઈ જવાયા હતા. ઓમપ્રકાશે ત્રણેય ડમ્પરો રાજસ્થાનના નાગોર ખાતે સ્થિત ઈંદાવડ ગામે સફેદ માટીની ખાણમાં ભાડેથી ફેરવવા આપી દીધા હોવાનું બહાર આવ્યું છે. એલસીબીએ બંને આરોપીની ધરપકડ કરી સે. ૭ પોલીસને સોંપ્યા છે. સે. ૭ પોલીસે તેમની સઘન પુછપરછ શરૂ કરી વોન્ટેડ બંને આરોપીની શોધખોળ આરંભી છે.

## ગુજરાતમાંથી ભારે વાહનોની ચોરી કરી રાજસ્થાન ફરતા કરી દેવાય છે...!

### નંબર પ્લેટ બદલીને રાજસ્થાન નિર્જન વિસ્તારોમાં ફેરવવા મુકી દેવાતા ચોરીના વાહનો મળવા મુશ્કેલ બને છે

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ડમ્પર, ટ્રેક્ટર, બોલેરો જેવા વાહનોની ચોરી ચિંતાજનક બની છે. ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે કે ગુજરાતમાંથી ચોરી કર્યા બાદ રાજસ્થાની ગેંગ હેમખેમ પ્રકારે વાહનની નંબર પ્લેટ બદલીને બોર્ડર ક્રોસ કરી રાજસ્થાનમાં ઘુસાડી દેવાય છે. ત્યાં વસ્તીની અવર-જવર ના હોય અને ખાણ વિસ્તારો હોય તેવા સ્થળોએ વાહનો ફરતા કરી દેવામાં આવે છે.

જેને કારણે ગુજરાતમાંથી ચોરાતા ભારે વાહનો મળવા મુશ્કેલ બની ગયા છે. ગુજરાતમાંથી ચોરેલા વાહનો રાજસ્થાન પહોંચાડી ત્યાં ફરતા કરી દેવાનું વેલ પ્લાન્ડ ષડયંત્ર ચાલી રહ્યું છે. તેનો પર્દાફાશ કરવા પોલીસની મથામણ ચાલી રહી છે.

## સરગાસણ પાસે બાંધકામ સાઈટ પરથી કિશોરીનું અપહરણ

### ૧૫ વર્ષની કિશોરીને લગ્નની લાલચ આપી ડુંગરપુરનો શખ્સ ભગાડી ગયો હતો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સરગાસણ પાસે બાંધકામ સાઈટ પરથી ૧૦ જૂને રાત્રે ૧૨ થી ૫ વાગ્યાના સમયગાળા દરમ્યાન ૧૫ વર્ષની કિશોરીને લગ્નની લાલચ આપી ડુંગરપુર વિસ્તારનો શખ્સ ભગાડી ગયો હોવાની ફરીયાદ ઈન્ફોસીટી પોલીસમથકે નોંધાવા પામી છે.

ડુંગરપુરના નરેશ ધનજી નામનો શખ્સ ૧૫ વર્ષની કિશોરીનું અપહરણ કરી ગયો હતો અને કિશોરી પરત પણ આવી ગઈ હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે અપહરણ કરી જનાર શખ્સ હજુ ફરાર છે. ઈન્ફોસીટી પીઆઈ પરાગ ચૌહાણે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

## હાથ ઉછીના ૩ લાખ લઈ પાછા ન આપનાર બે મિત્રો સામે ફરીયાદ

### સેક્ટર-૭ પોલીસે વિશ્વાસઘાતનો ગુનો દાખલ કર્યો : મોબાઈલની દુકાન ચાલુ કરવા રૂપિયા માંગ્યા હતા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ખાતે રહેતા યુવાન પાસેથી તેમના બે મિત્રોએ મોબાઈલની દુકાન ખોલવા માટે હાથ ઉછીના પાંચ લાખ રૂપિયા માંગ્યા હતા. જે પૈકી ત્રણ લાખ આપ્યા હતા. આ ઉછીના લીધેલા રૂપિયા બંને મિત્રોએ પરત ન કરતાં આખરે સે. ૭ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવા પામી છે. સે.૭ પોલીસે વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેક્ટર-૨-ડી પ્લોટ નં. ૧૦૬૮ ખાતે રહેતા હરીકૃષ્ણભાઈ જીવણજી વાઘેલા પાસેથી તેમના બે મિત્રો પાટણના શંખેશ્વર ખાતે રહેતા ભમ્મરસિંહ કરણસિંહ રહેવર અને અમદાવાદ દશક્રોઈ તાલુકા વિસ્તારમાં રહેતા ભુપેન્દ્રસિંહ અમરસિંહ વાઘેલાએ મળીને મોબાઈલની દુકાન શરૂ કરવા મો રૂ. ૫ લાખની માંગણી કરી હતી. તે પૈકી હરીકૃષ્ણભાઈએ ભુપેન્દ્રસિંહને એક લાખનો બેંક ઓફ ઈન્ડિયાનો ચેક અને રૂ. ૨ લાખ રોકડા એમ કુલ રૂ. ૩ લાખ હાથ ઉછીના આપ્યા હતા. વારંવાર ઉઘરાણી કરવા છતાં બંને મિત્રોએ રૂપિયા પરત ન કરતા આખરે હરિકૃષ્ણભાઈએ સે. ૭ પોલીસમથકમાં બંને મિત્રો સામે ફરીયાદ આપતા એ.એસ.આઈ. કાનાભાઈએ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## નગરમાં શાળાના શિક્ષકો દ્વારા ટ્યૂશનની હાટડીઓનો ધમધમતો વેપલો

### સરકારનો પ્રતિબંધ હોવા છતાં શિક્ષકો બેરોકટોક ટ્યુશનો ચલાવી રહ્યાં છે : ટ્યુશનમાં સામેલ ન થનાર વિદ્યાર્થીને ઈન્ટર્નલ માર્કસ કાપી લેવા સુધીનો ડર બતાવાય છે : તંત્ર દ્વારા કડક કાર્યવાહીની તાતી જરૂર

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કોઈપણ શાળાના શિક્ષક કે આચાર્યના ખાનગી ટ્યુશન કરવા પર પ્રતિબંધ છે. આ ઉપરાંત બોર્ડની વાર્ષિક પરીક્ષા માટે શાળાના વિદ્યાર્થીઓની ૮૦ ટકા હાજરી ફરજિયાત છે, ઓછી હાજરી હોય તો વિદ્યાર્થીનું ફોર્મ બોર્ડ દ્વારા પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવતું નથી. આમ છતાં ગાંધીનગરમાં બેરોકટોક પણે શાળાના શિક્ષકો દ્વારા ખાનગી ટ્યુશનની હાટડીઓ ચલાવાઈ રહી છે અને આ શિક્ષકોના ટ્યુશનમાં સામેલ ન થનાર વિદ્યાર્થીઓના ઈન્ટર્નલ માર્કસ સુદ્ધામાં અન્યાય કરવામાં આવી રહ્યો છે.

રાજ્યના પાટનગરમાં શાળાના શિક્ષકો દ્વારા ખાનગી ટ્યુશનોની હાટડીઓ થકી શિક્ષણનો વેપલો કરાઈ રહ્યો છે. ઈન્ટર્નલ માર્કસ કપાઈ જવા સુધીના ડરના માર્યા વિદ્યાર્થીઓને આવા શિક્ષકોના ટ્યુશન ક્લાસમાં મજબૂરીથી જવુ પડે છે. આ શિક્ષકો દ્વારા શાળામાં યોગ્ય શિક્ષણ આપવામાં આવતુ નથી જેના કારણે ટ્યુશન ન કરનાર વિદ્યાર્થીને ભારે અન્યાય થાય છે. મજબૂરીમાં ટ્યુશન ક્લાસમાં જોડાનાર વિદ્યાર્થીના વાલીને મોટો આર્થિક બોજો સહન કરવાનો વારો આવે છે. ગેરકાયદેસર રીતે ટ્યુશનો ચલાવતા અથવા ટ્યુશન ક્લાસીસમાં ભણાવતા આ શિક્ષકો શાળામાં નિયમિત સમયસર હાજર રહેતા નથી. આવા શિક્ષકો દેશના ભવિષ્યના જવાબદાર નાગરિકોને શિક્ષણ આપે છે જેઓ પોતે ભ્રષ્ટાચારી છે તો દેશના યુવાનો પણ ભ્રષ્ટાચાર જ શીખી શકશે અને દેશ માટે નુકશાનકર્તા નીવડશે.

શાળાના શિક્ષકો બાળકોના ઘડતરમાં યોગ્ય સમય આપી શકે અને તમામ બાળકોને એક સમાન શિક્ષણ મળી રહે જે તેમનો અધિકાર છે તે માટે સરકાર દ્વારા ખાનગી ટ્યુશન કરવા પર પ્રતિબંધ લાદવામાં આવેલો છે. શાળામાં ભણતા બાળકો વચ્ચે કોઈ ભેદભાવપૂર્ણ વહેવાર ના કરાય અને આર્થિક રીતે મજબૂર વિદ્યાર્થીઓને માત્ર મજબૂરીના કારણે યોગ્ય શિક્ષણ ના મળે તેવી પરિસ્થિતિનું નિર્માણ ના થાય તે જોવાનું કામ શાળાના આચાર્ય અને શિક્ષકોનું છે. પરંતુ શિક્ષકો જાતે જ ગેરકાયદેસર રીતે ટ્યુશનની હાટડીઓ ચલાવી વિદ્યાર્થીઓને તેમાં જોડાવા દબાણ કરી અને ના જોડાનાર વિદ્યાર્થીને ઈન્ટર્નલ માર્કસ કાપી લેવા સુધીનો ડર બતાવી શિક્ષણનો બેફામ વેપલો ચલાવી રહ્યા છે અને અઢળક નાણાં કમાઈ રહ્યાં છે. ગાંધીનગરના ૧૭/૨૨ શોપીંગ સેન્ટર, સે. ૭-બી, સે. ૩૦, સે. ૩-સી, સે. ૨૧, ઘ-૬ સર્કલ નજીક, સે. ૨૮, સે. ૬-બી વગેરે જેવા અનેક ઠેકાણે આ હાટડીઓ બેરોકટોક ચાલી રહી છે. વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા ૮૦૦૦ પ્રતિ સેમેસ્ટર એટલે દર વર્ષે રૂપિયા ૧૬ હજાર લેખે ઉઘરાવી લાખો રૂપિયાનો વેપલો રળી લેવામાં આવી રહ્યો છે.

તંત્રદ્વારા સત્વરે આ દિશામાં સાચી તપાસ હાથ ધરી ખાનગી ટ્યુશનોની હાટડીઓ બંધ કરાવી શાળાના જે શિક્ષકો ટ્યુશન કરાવી રહ્યાં છે તેમને યોગ્ય સજા કરવાની તાતી જરૂર છે. આવા શિક્ષકો પર કડક કાયદાકીય પગલાં ભરાશે તો જ સમાજમાં યોગ્ય દાખલો બેસાડી શકાશે.



### ધણપમાં ભય ફેલાવતો આખલો અંતે ઝડપાયો

ગાંધીનગર તાલુકાના ધણપ ગામે છેલ્લા એક સપ્તાહથી રખડતા આખલાના આંતકથી ગ્રામજનો માટે શેરીઓમાં નીકળવું મુશ્કેલ બની ગયું હતુ. ભુરાયા થયેલો આખલો જેને ને તેને સીંગડે ભરાવતો હોવાથી મહિલાઓ અને બાળકો સાવચેતી વિના ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યાં હતા. ગભરાટ અને ભયના માહોલ વચ્ચે આખલાને પકડવાનું મુશ્કેલ બન્યું હતું પરંતુ ગામના સાહસિક યુવાનોએ ટ્રેક્ટરના સહારે આખલાને પકડી લેતા ગ્રામજનોમાં રાહતની લાગણી પ્રસરી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

### આજે બ્રહ્મસમાજ યુવા પાંખની બઠક

સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખ ગાંધીનગરની કારોબારી મીટીંગ આજરોજ રવિવાર સાંજે ૬.૩૦ કલાકે સેક્ટર-૬ બ્રહ્મભવન ખાતે મળશે. બેઠકમાં યુવાપાંખના તમામ સભ્યો સહિત શહેરમાં રહેતા યુવક-યુવતિઓને ઉપસ્થિત રહેવા જણાવાયુંછે.

### ભાષાવાર રાજ્ય રચના ગ્રંથ પર વક્તવ્ય યોજાશે

દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા ડૉ. આંબેડકરના 'ભાષાવાર રાજ્ય રચના' ગ્રંથ વિશે જાણીતા કવિ, વાર્તાકાર, વિવેચક ભી.ન. વણકરનું વક્તવ્ય આજરોજ રવિવારે ડૉ. આંબેડકર ભવનના સમિતિ ખંડ, સેક્ટર-૧૨ ખાતે સાંજના ૬.૦૦ થી ૮.૦૦ કલાક દરમિયાન યોજાશે.

### આજે નિરંકારી સત્સંગ ભવનમાં નિઃશુલ્ક યોગ શિબિર

ગાંધીનગર, તા. ૧૩

વિશ્વયોગ દિનના ઉપક્રમે સંત નિરંકારી મંડળ તરફથી



સંત નિરંકારી સત્સંગ ભવન ચ-રોડ બાજુ શાંતિવન સોસાયટી અને ચીપટાઈપ શોપીંગની સામે સેક્ટર-૩૦ ગાંધીનગર ખાતે તા. ૧૪મી જૂનથી તા. ૨૦મી જૂન સુધી સવારે ૬.૧૫ થી ૭.૧૫ દરમ્યાન નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. શિબિરમાં ભાગ લેવા માટે સંત નિરંકારી મંડળ ગાંધીનગર શાખાના સંયોજકશ્રી જી.કે. મુર્ગે જણાવેલ છે. વધુ વિગતો માટે મોબાઈલ નં. ૯૯૭૮૪ ૦૬૫૬૮, ૨૩૨-૨૪૫૬૬ તથા ૯૮૯૮૦ ૧૨૬૯૨ પર સંપર્ક કરવા જણાવેલ છે.

## ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ સાત ગામોમાં સુવિધાના નામે મીંડુ

### પાલજ, બાસણ, ઈન્દ્રોડા, ધોળાકુવા, આદિવાડા, ફતેપુરા સે. ૧૫, બોરીજમાં શહેર જેવી સુવિધા આપવા માંગ : ગાંધીનગર શહેર ગ્રામ્ય સમિતિએ માર્ગ-મકાન વિભાગ સચિવને લેખિત રજુઆત

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં સમાવેશ કરવામાં આવેલ સાત ગામોની હાલત દયનીય થઈ જવા પામી છે. શહેરમાં સમાવેશ કરવામાં આવ્યો હોવા છતાં સુવિધાના નામે ગામમાં મીંડુ છે. કરોડોની જમીન લઈ ફક્ત એક મકાનનો ટુકડો આપી સરકારે છેતરપીંડી કરી છે. આ ગામના રહિશોનો ઘાટ 'ન ઘરના કે ન ઘાટ'ના જેવો થયો છે. તેમ ગાંધીનગર શહેર ગ્રામ્ય નાગરિક સમિતિએ જણાવી સુવિધાઓ પુરી પાડવા માંગ કરી છે.

ગાંધીનગર શહેર ગ્રામ્ય નાગરિક સમિતિએ જણાવ્યું છે કે, ગાંધીનગરના નિર્માણ બાદ શહેરને અડીને આવેલા સાત ગામ પાલજ, બાસણ, ઈન્દ્રોડા, ધોળાકુવા, આદિવાડા, ફતેપુરા સે. ૧૫નો સમાવેશ શહેરમાં કરવામાં આવ્યો છે. પરંતુ આ ગામોની સ્થિતિ ન ઘરના કે ન ઘાટના જેવી થવા પામી છે.

ગામમાં ગટરો બ્લોક થઈ જવાથી રસ્તા ઉપર ગંદકીનું સામ્રાજ્ય ફેલાઈ જાય છે. પીવાનું પાણી સીધુ જ ટ્યુબવેલમાંથી આપવામાં આવે છે ત્યારે ક્લોરીનેશન કરેલું પાણી આપવામાં આવે જેના કારણે પાણીજન્ય અને ચામડીના રોગો ન થાય.

તમામ સાત ગામડામાં મહાનગરપાલિકા દ્વારા નાંખવામાં આવેલ કરવેરા ભરવામાં આવે છે. પરંતુ સુવિધાના નામે મીંડુ છે. ગામડાઓમાં ગંદકીના થર જામી ગયેલા દેખાય છે. માથુ ફાડી નાંખે તેવી દુર્ગંધ રસ્તાઓ પરથી નિકળતા આવે છે. ત્યારે આ સમસ્યાનું સમાધાન રહિશોને મળતુ નથી. દેશના વડાપ્રધાન સફાઈ અભિયાન ચલાવે છે પરંતુ આ ગામો સુધી અભિયાન પહોંચ્યું નથી.

રસ્તાઓ મોટી-મોટી ખાઈમાં પરિણમ્યા છે. ઉબડ-ખાબડ રસ્તાઓથી વાહનચાલકોને પારાવાર યાતનાઓ વેઠવી પડે છે. ત્યારે રસ્તાઓનું નવિનીકરણ કરી ગામડાને શહેરની શ્રેણીમાં આવે તેવી માંગ કરી છે. સ્ટ્રીટલાઈટોના થાંભલા ફક્ત થાંભલા જ બની ગયા છે. પ્રકાશ તો અંધકારની ગોદમાં સમાઈ બેઠો છે. સ્ટ્રીટલાઈટના થાંભલાઓ ઉપર મરામત કરી પ્રકાશને લાવવા પણ રજુઆત કરી છે.

શહેરમાં સમાવિષ્ટ ગામડાના મકાનોને કબજેદાર બતાવવામાં આવ્યા છે. પરંતુ માલિકી હક હજુ સુધી મળ્યો નથી. ગાંધીનગરની પ્રગતિ ઉડીને આંખે વળગે તેવી થઈ છે. પરંતુ ગાંધીનગર બનાવવામાં સાથ આપનાર ખેડૂતોની પ્રગતિ રૂંધાઈ જવા પામી છે. હજુ સુધી જમીનોનું વળતર પણ મળ્યું નથી. કરોડો રૂપિયાની જમીનો લઈ સરકાર તેજ જમીનોના સોદા કરે છે ત્યારે ખેડૂતોને ફક્ત એક મકાન બનાવવા માટે ટુકડો જમીન અને દુકાન આપી પટાવવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેર ગ્રામ્ય નાગરિક સમિતિના કેશરીસિંહ બિહોલા અને બાબુજી ઠાકોરે આ બાબતે માર્ગ અને મકાન વિભાગના સચિવને લેખિત રજૂઆત કરી ન્યાય અપાવવા માંગ કરી છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૭

### તાપમાન

મહત્તમ : ૩૬.૭ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૫૩ ટકા

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**
હમારી અધુરી કહાની : ૩૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**
હમારી અધુરી કહાની : ૧૨.૪૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦
દિલ ધડકને દો : ૬.૩૦

**સ્ક્રીન-૩ :**
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૩ડી : ૧૨.૧૫. ૭.૪૫
જુરાસિક વર્લ્ડ (અંગ્રેજી) ૩ડી : ૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧૨.૪૫, ૬.૪૫
દિલ ધડકને દો : ૩.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫ :**
હમારી અધુરી કહાની : ૧૦.૦૦, ૩.૪૫
દિલ ધડકને દો : ૧૨.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે.વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

### ચિરવિદાય

● સ્વ. હેમરાજભાઈ વીરાભાઈ ઠાકોર (ઉ.વ.૬૦) મુ. પીંડારડા, તા.જી. ગાંધીનગર